સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે
કોમ્યુનીટી સેન્ટર મંજુર કરવા બાબત...

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સકપ/૧૪૯૬/ન.બા.૧/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૬-૧૧-૧૯૯૬.

વંચાણે લીધો:-(૧) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો
તા.૨૨/૧/૯૬નો પત્ર નંબર:-વિજાક/જન/
ન.બા.૯૬-૯૭/૧૧૬૭.

ઠ રા વ :-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકો માટે સમૂહ કેન્દ્ર બાંધવા માટે ૧૯૯૫-૯૬ના વર્ષમાં રૂ.૩.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણ લાખ)ના ખર્ચને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે. આ હોલ ક્યાં બાંધવો તે માટેનું સ્થળ હવે પછી નક્કી કરવામાં આવશે.

૨. આ કોમ્યુનીટી સેન્ટર માટે તાંત્રિક મંજુરી મેળવવાની કાર્યવાહી નિયામકશ્રી, વિકસતી જાતિએ કરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક-૮૩-મુખ્ય સદર-૪૨૨૫-અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિઓ તથા અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ (નવા કામ) પેટા સદર-મકાનો-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સમૂહ કેન્દ્રનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તારીખ:-૧૦/૧૦/૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.બી.પઢિયાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
મહાલેખાધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
બજેટ શાખા,માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
બજેટ શાખા,સમાજ કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
નાણાં શાખા,સમાજ કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સીલેક્ટ ફાઈલ. અ-શાખા.

પટેલ/૬૧૩૯૬/